001. ભારતના બંધારણ બાબતે હાલમાં નીચેનામાંથી કઈ બાબતો લાગુ પડે છે ?
(A) ૨૨ ભાગમાં સમાવેશ થતાં ૩૯૫ આર્ટીકલ્સ અને ૮ શીડ્યુલ
(B) ૨૨ ભાગમાં સમાવેશ થતાં ૪૪૨ આર્ટીકલ્સ અને ૧૨ શીડ્યુલ
(C) ૨૨ ભાગમાં સમાવેશ થતાં ૩૯૮ આર્ટીકલ્સ અને ૧૦ શીડ્યુલ
(D) ઉપરના ત્રણેયમાંથી એકપણ નહી

002. જો CAT = 24 હોય અને DOG = 26 હોય તો PIG = ________
(A) 32 (B) 25 (C) 29 (D) 34

003. ભારતનો પુરાવા અધિનિયમ, ૧૮૭૨ ની જોગવાઈ મુજબ ન્યાયાલયે નીચેનામાંથી કેટલી હકીકતોની ન્યાયિક નોટીસ લેવી જોઇએ ?
(A) પાંચ (B) સાત
(C) નવ (D) તેર

004. આર્યો તેમના જીવનનો અંતિમ સમય અરણ્યમાં જઈને ગાળતા. આથી અરણ્યમાં જઈને ચિંતન કરનાર આર્યોએ રચેલા ગ્રંથોને નીચેનામાંથી કયા નામે ઓળખવામાં આવે છે ?
(A) બ્રાહ્મણ ગ્રંથો (B) આરણ્યકો
(C) ગંગોત્રી ઉપનિષદો (D) કલ્પસૂત્ર

005. ભારતનો પુરાવા અધિનિયમ,૧૮૭૨ ની જોગવાઈ મુજબ કમ્પ્યુટર સાધનમાં અથવા કોઈપણ બીજી ઈલેક્ટ્રોનિક પ્રકારે અથવા ડીઝીટલ પ્રકારે સંગ્રહ થયેલી અથવા પ્રસારિત થયેલી કોઈ માહિતીને લગતી બાબતમાં કાર્યવાહી દરમ્યાન ન્યાયાલયે અભિપ્રાય બાંધવાનો હોય ત્યારે ઇલેક્ટ્રોનિક પુરાવાના પરીક્ષકનો અભિપ્રાય એ પ્રસ્તુત હકીકત છે. આ જોગવાઈ કઈ કલમમાં કરવામાં આવેલ છે ?
(A) કલમ – ૨૭ (B) કલમ – ૩૯
(C) કલમ – ૪૫(ક) (D) કલમ – ૬૫(ક)

006. સ્મૃતિ સાહિત્યમાં કેટલી સ્મૃતિઓનો સમાવેશ થાય છે ?
(A) ત્રણ (B) પાંચ (C) સાત (D) દસ

007. ભારતના એટૉર્ની જનરલની નિમણુંક નીચેનામાંથી કોના દ્વારા કરવામાં આવે છે ?
(A) ભારતના વડાપ્રધાન (B) ભારતના ઉપરાષ્ટ્રપતિ
(C) સુપ્રિમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ (D) ભારતના રાષ્ટ્રપતિ

008. Outlook Express ક્યા પ્રકારનો પ્રોગ્રામ છે?
(A) સર્વર ક્લાયન્ટ (B) બ્રાઉઝીંગ ક્લાયન્ટ
(C) ઈ-મેઈલ ક્લાયન્ટ (D) સીસ્ટમ ક્લાયન્ટ

[Contd...



Downloaded from www.marugujarat.in
For more question papers, Visit our website www.marugujarat.in

PariksaPath · pariksapath.in

009. ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ ની જોગવાઈ મુજબ જ્યારે બે અથવા વધુ વ્યક્તિઓ કોઈ જાહેર સ્થળમાં મારામારી કરીને જાહેર શાંતિનો ભંગ કરે ત્યારે તેઓએ......

- (A) "બખેડો" કર્યો કહેવાય
- (B) "બળવો" કર્યો કહેવાય
- (C) "હુલ્લડ" કર્યું કહેવાય
- (D) "અદાવતથી" અથવા"દુરાચાર્ય" કર્યું કહેવાય

010. ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની જોગવાઈ મુજબ ઉચ્ચ ન્યાયાલયો અને આ અધિનિયમ સિવાયના તે સમયે અમલમાં હોય તેવા કાયદા હેઠળ રચાયેલા ન્યાયાલયો ઉપરાંત દરેક રાજ્યમાં નીચે જણાવેલા પૈકી કેટલા વર્ગોના ફોજદારી ન્યાયાલયો રહેશે ?

(A) બે  (B) ત્રણ  (C) ચાર  (D) પાંચ

011. મનોવિજ્ઞાનની અભ્યાસ પધ્ધતિઓ કેટલી છે ?

(A) ત્રણ  (B) ચાર  (C) પાંચ  (D) છ

012. ક્યા પ્રકારનો અભ્યાસ એકના એક પ્રયોગપાત્ર ઉપર ખુબજ લાંબા સમય સુધી ચાલે છે ?

(A) સમકાલિન  (B) દીર્ઘકાલિન  (C) તુલનાત્મક  (D) સહભાગી

013. લોકમાન્ય તિલક અને તેમના સાથીદારોને.હવે ખાતરી થઇ કે માત્ર બંધારણીય રાજ્ય તંત્રથી ચાલવાનું નથી, એટલે હોમ રૂલ માટે આંદોલન કરવું જોઈએ. તેમણે અને તેમના સાથીદારોએ પુનામાં નીચેનામાંથી ક્યા દિવસે હોમરૂલ લીગ ની સ્થાપના કરી ?

(A) તા.૧૫-૬-૧૯૧૭  (B) તા.૨૦-૮-૧૯૧૭
(C) તા.૨૮-૪-૧૯૧૬  (D) તા.૨૦-૨-૧૯૦૯

014. સને ૨૦૧૦ થી સને ૨૦૧૫ ના સમયગાળા દરમ્યાન ભારતના નાણાં કમિશનના ચેરમેન તરીકે કોણ હતું ?

(A) શ્રી સી. રંગરાજન  (B) ડો. વિજય એલ. કેલકર
(C) શ્રી વાય.વી. રેડ્ડી  (D) શ્રી એ.એમ.ખુશરો

015. નીચે પૈકી કોની નિયુક્તિ 'રાજ્યપાલ' દ્વારા કરવામાં આવે છે ?

(A) રાજ્યના એડવોકેટ જનરલ  (B) રાજ્ય જાહેર સેવા આયોગના સભ્યો
(C) રાજ્ય ચુંટણી પંચ  (D) ઉપરના બધા



Downloaded from www.marugujarat.in
For more question papers, Visit our website www.marugujarat.in
PariksaPath · pariksapath.in

016. નીચેની સિરિઝ પૂર્ણ કરો:
૧૩૨ ૧૫૬ ? ૨૧૦ ૨૪૦ ૨૭૨
નીચે પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો?
(A) ૧૯૬ (B) ૧૮૨ (C) ૧૯૯ (D) ૨૦૪

017. ક્રીપ્સ મીશન ૧૯૪૨ ના પ્રતિનિધિ મંડળે હિંદને અરાજકતાભરી સ્થિતિમાંથી યોગ્ય માર્ગ કાઢવાના આશયથી નીચેનામાંથી કઈ ભલામણ કરી ન હતી ?
(A) હિંદને વહેલામાં વહેલું સ્વશાસન આપવાની બ્રિટનની ઈચ્છા અનુસાર નવા હિંદી સંઘની રચના કરવી
(B) વિશ્વ યુદ્ધ પુરૂં થતાં જ એક નવી બંધારણ સભા રચવી
(C) સ્થાનિક રજવાડા નવા હિંદી સંઘમાં જોડવા ઈચ્છે તો જ તેમને જોડવા
(D) જાતિ તથા ધર્મ અનુસારની લઘુમતિઓના હિતોના રક્ષણની હિંદી સંઘની કામગીરી રહેશે નહી

018. CRT નું પુરેપુરૂં નામ શું છે ?
(A) કેથોડ રેમ ટેસ્ટ
(B) કેથોડ રે ટ્યુબ
(C) કેથોડ રાઈટ ટ્યુબ
(D) કમ્પ્યુટર રીસ્ટાર્ટ ટેસ્ટીંગ

019. ભારતની મુખ્ય બહુહેતુક યોજનાઓ પૈકી ભાખરાનાંગલ બહુહેતુક યોજના કઈ નદી ઉપર આવેલ છે ?
(A) દામોદર (B) સતલજ (C) કૃષ્ણા (D) બિયાસ

020. ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ ની જોગવાઈ મુજબ "કોઈ ચોપડીમાં અથવા રેકર્ડમાં અથવા ઈલેક્ટ્રોનિક રેકર્ડમાં ખોટી નોંધ કરે અથવા ખોટા કથનવાળો દસ્તાવેજ અથવા ઈલેક્ટ્રોનિક રેકર્ડ બનાવે તેનો ખોટો પુરાવો ઉભો કર્યો છે" એમ કહેવાશે. આ જોગવાઈ કઈ કલમમાં દાખલ કરવામાં આવેલ છે ?
(A) કલમ-૧૨૨
(B) કલમ-૧૪૨
(C) કલમ-૧૫૯
(D) કલમ-૧૯૨

021. હાલમાં તમાકુ ઉપરના નિયંત્રણો માટે ક્યા રાજ્યને WHO પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યું ?
(A) ગુજરાત (B) ઝારખંડ (C) કેરળ (D) ઓડીશા

022. ભૌગોલિક વિસ્તારની દૃષ્ટિએ ભારત કેટલામાં નંબરે છે ?
(A) સાતમા નંબરે
(B) પાંચમા નંબરે
(C) નવમા નંબરે
(D) અગિયારમા નંબરે



Downloaded from www.marugujarat.in
For more question papers, Visit our website www.marugujarat.in
PariksaPath · pariksapath.in

023. ભારતના બંધારણમાં આર્ટીકલ ૩૨૬ માં સુધારો કરી પુખ્ત મતાધિકાર ૨૧ વર્ષથી ૧૮ વર્ષ ક્યા બંધારણ સુધારાથી કરવામાં આવ્યો?
- (A) ૬૧ મો બંધારણીય સુધારા કાયદો, ૧૯૮૮
- (B) ૫૨ મો બંધારણીય સુધારા કાયદો, ૧૯૮૫
- (C) ૬૯ મો બંધારણીય સુધારા કાયદો, ૧૯૯૧
- (D) ૭૪ મો બંધારણીય સુધારા એક્ટ, ૧૯૯૨

024. ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ ની જોગવાઈ મુજબ દંડ અથવા તેના જેટલો ભાગ આપવાનો બાકી હોય તે, સજાનો હુકમ થયા પછી કેટલા વર્ષની અંદર કોઈપણ સમયે વસુલ કરી શકાશે?
(A) ૨ વર્ષ (B) ૩ વર્ષ (C) ૬ વર્ષ (D) ૧૦ વર્ષ

025. યાંત્રિક એકતા નીચે પૈકી શેના કારણે વિકસિત થાય છે?
(A) સમાનતા (B) અલગતા
(C) દ્વેષ (D) પ્રેમ

026. પરિવાર અને સમાજની વચ્ચે શિક્ષણ એક પુલનું કામ કરે છે. આ વિચાર નીચે પૈકી કોનો છે?
(A) આર. કે. મર્ટન (B) ટાલકોટ પાર્સન્સ
(C) ઇમાઇલ દુર્ખિમ (D) મેક્સ વેબર

027. ભારતનું સૌથી દક્ષિણનું બિંદુ "ઈન્દિરા પોઈન્ટ" છે. ગ્રેટ નિકોબારની દક્ષિણે આવેલું છે તેને નીચેનામાંથી ક્યા તરીકે પણ ઓળખવામાં આવે છે?
(A) પીગમેલીયન પોઈન્ટ (B) માઉન્ટ થુલીર પોઈન્ટ
(C) બૈરન ધ્વીપ પોઈન્ટ (D) પોર્ટ બ્લેયર પોઈન્ટ

028. નીચેનામાંથી કયુ સ્થળ "ભરતનાટ્યમ" નૃત્ય શૈલી નું ઉદ્દ્ભવ-સ્થાન ગણાય છે?
(A) તામીલનાડુ (B) આંધ્રપ્રદેશ (C) આસામ (D) કર્ણાટક

029. માનવ જાતને ભારતની અપ્રતિમ ભેટ કઈ છે?
(A) ધ્યાન અને યોગ (B) સંગીત અને નૃત્ય
(C) વ્યાયામ (D) અભિનય

030. જ્ઞાનેન્દ્રીયોમાંથી આવેલા સાંવદેનિક સંકેતોને મગજ સુધી નીચેનામાંથી ક્યુ અવયવ પહોંચાડે છે?
(A) નાનુ મગજ (B) થેલેમસ
(C) મોટુ મગજ (D) સીમાવર્તી તંત્ર



Downloaded from www.marugujarat.in
For more question papers, Visit our website www.marugujarat.in
PariksaPath · pariksapath.in

031. ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ હૈદરાબાદમાં કઈ સદીમાં થઈ ગયેલા ભક્તિસંત શ્રી રામાનુજાચાર્યની કેટલા ફૂટ ઉંચી પ્રતિમા ____ નું અનાવરણ કરીને તેને રાષ્ટ્રને સમર્પિત કરી ?
(A) નવમી સદી, ૨૧૦ ફુટ, સ્ટેચ્યુ ઓફ રીલીઝીયન
(B) અગિયારમી સદી, ૨૧૬ફુટ, સ્ટેચ્યુ ઓફ ઈક્વાલીટી
(C) દસમી સદી,૨૨૦ ફુટ, સ્ટેચ્યુ ઓફ યુનિટી
(D) બારમી સદી, ૨૨૫ ફુટ, સ્ટેચ્યુ ઓફ લીબર્ટી

032. ભારતીય સંગીતમાં મુખ્યત્વે કેટલા રાગો છે ?
(A) ત્રણ (B) પાંચ (C) સાત (D) નવ

033. હઠીસિંહનું ૧૫મી તીર્થંકર ધર્મનાથના વિશાળ જૈન દેરાસરને.......
(A) શેઠ હઠીસિંહના જયેષ્ઠ પુત્રએ પુરુ કરાવી, ઈ.સ. ૧૮૪૭ માં ખુલ્લુ મુકેલું
(B) શેઠ હઠીસિંહના ધર્મપત્નિ હરકુંવરે પુરુ કરાવી, ઈ.સ. ૧૮૪૭ માં ખુલ્લુ મુકેલું
(C) શેઠ હઠીસિંહના કારભારી ભામાશાહે પુરુ કરાવી ઈ.સ. ૧૮૪૭ માં ખુલ્લુ મુકેલું
(D) ઉપરના ત્રણેયમાંથી એકપણ નહી

034. અમદાવાદ બાદ રાજ્યની બીજી સાયન્સ સીટી નીચેનામાંથી કયા જીલ્લામાં નિર્માણ પામશે ?
(A) રાજકોટ (B) વડોદરા (C) બનાસકાંઠા (D) નર્મદા

035. ભારતીય રેલ્વે એ એક જ પાટા ઉપર બે ટ્રેનોને સામેસામે પુરઝડપે દોડાવીને તેની ક્યા નામની ઓટોમેટીક ટ્રેન પ્રોટેક્શન સીસ્ટમનું પરીક્ષણ કર્યું. એન્ટી-કોલીઝન સીસ્ટમનું પરીક્ષણ ક્યા સેક્શન ઉપર કરવામાં આવ્યું હતું?
(A) રૂદ્ર, અમદાવાદમાં સાબરમતી સેકશન
(B) કવચ, સિકંદરાબાદમાં સનતનગર-શંકરપલ્લી સેક્શન
(C) રેપીડ, મુંબઈમાં સેન્ટ્રલ સેક્શન
(D) ઉપરના ત્રણેયમાંથી એકપણ નહી

036. ભારતનો પુરાવા અધિનિયમ, ૧૮૭૨ની જોગવાઈ મુજબ ન્યાયાલય તપાસણી કરી શકે તે માટે રજુ કરેલા તમામ ઇલેક્ટ્રોનિક રેકર્ડ સહિતના દસ્તાવેજો, આવા ઇલેક્ટ્રોનિક રેકર્ડ સહિતના દસ્તાવેજો દસ્તાવેજી પુરાવો કહેવાય છે. આ જોગવાઈ કઈ તારીખથી આ અધિનિયમમાં અમલમાં મુકવામાં આવેલ છે ?
(A) તા.૧૭-૧૦-૨૦૦૦ (B) તા.૨૭-૧૦-૨૦૦૯
(C) તા. ૨-૧૦-૨૦૦૧ (D) તા.૧૭-૧૦-૨૦૦૨



Downloaded from www.marugujarat.in
For more question papers, Visit our website www.marugujarat.in
PariksaPath · pariksapath.in

037. કઈ નદીને "બિહારના શોક" તરીકે ઓળખવામાં આવે છે?
(A) બ્રહ્મપુત્રા
•(B) કોસી
(C) રામગંગા
(D) ગોમતી

038. ભારતના રાષ્ટ્રપતિની ચુંટણીમાટે ધારાસભ્યશ્રીઓના મતની ગણતરી નીચેનામાંથી કઈ સાચી છે ?
(A) એમ.એલ.એ. = $\frac{\text{રાજ્યની કુલ વસ્તી}}{\text{રાજ્યના કુલ ચુંટાયેલા સભ્યોની સંખ્યા}} \div ૧૦૦૦$
(B) એમ.એલ.એ. = $\frac{\text{રાજ્યની કુલ વસ્તી}}{\text{રાજ્યના કુલ ચુંટાયેલા સભ્યોની સંખ્યા}} \div ૫૦૦$
(C) એમ.એલ.એ. = $\frac{\text{રાજ્યની કુલ વસ્તી}}{\text{રાજ્યના કુલ ચુંટાયેલા સભ્યોની સંખ્યા}} \div ૨૫૦$
•(D) એમ.એલ.એ. = $\frac{\text{રાજ્યની કુલ વસ્તી}}{\text{રાજ્યના કુલ ચુંટાયેલા સભ્યોની સંખ્યા}} \div ૧૦૦$

039. ભારતનો પુરાવા અધિનિયમ, ૧૮૭૨ ની જોગવાઈ મુજબ કોઈ વ્યક્તિ પોલીસ અધિકારીની કસ્ટડીમાં હોય તે દરમ્યાન તેણે કરેલી કબુલાત...
(A) મેજીસ્ટ્રેટની પ્રત્યક્ષ હાજરીમાં કરી હોય તો તે વ્યક્તિની વિરૂદ્ધ તે સાબિત કરી શકાશે નહી
•(B) મેજીસ્ટ્રેટની પ્રત્યક્ષ હાજરીમાં કરી ન હોય તો તે વ્યક્તિની વિરૂદ્ધ તે સાબિત કરી શકાશે નહી
(C) એ વ્યક્તિની વિરૂદ્ધ તે સાબિત કરી શકાશે નહી
(D) ઉપરના ત્રણેયમાંથી એકપણ નહી

040. કુડપ્પા ખડક – તંત્ર નીચેનામાંથી ક્યાં રાજ્યમાં આવેલ છે ?
(A) આંધ્રપ્રદેશ
(B) તામીલનાડુ
(C) કર્ણાટક
•(D) મહારાષ્ટ્ર

041. ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦માં "ઇલેક્ટ્રોનિક રેકર્ડ" એ શબ્દ કાયદામાં ઉમેરવામાં આવ્યા છે. તેનો અમલ નીચેનામાંથી કઈ તારીખથી શરૂ થયેલ છે?
(A) તા.૨૭-૧૦-૨૦૦૯
(B) તા. ૧૭-૧૦-૨૦૦૦
(C) તા. ૧-૧૦-૨૦૦૯
(D) તા. ૨-૧૦-૨૦૦૦

042. જો P = +, Q = –, R = ÷ અને S = × હોય,તો "24R6P5Q9S8" = ______
(A) 20
(B) 63
(C) 72
(D) –63



Downloaded from www.marugujarat.in
For more question papers, Visit our website www.marugujarat.in
PariksaPath · pariksapath.in

043. TCP એટલે શું ?

(A) ટ્રાન્સમિશન સાયબર પ્રોટોકોલ

(B) ટ્રાન્સફર કંટ્રોલ પેનલ

(C) ટ્રાન્સફર કંટ્રોલ પેસ્ટ

•(D) ટ્રાન્સમિશન કંટ્રોલ પ્રોટોકોલ

044. ભારતનો પુરાવા અધિનિયમ, ૧૮૭૨ ની જોગવાઈ મુજબ સ્વીકૃતિ એટલે કોઈ વાદગ્રસ્ત કે પ્રસ્તુત હકીકત પરત્વે કંઈ અનુમાન કરવાનું સુચવે એવું અને આમાં હવે પછી જણાવેલી વ્યક્તિઓ પૈકી કોઈ વ્યક્તિએ અને આમાં હવે પછી જણાવેલા સંજોગોમાં કરેલું...........

(A) મૌખિક અથવા દસ્તાવેજી અથવા ઈલેક્ટ્રોનિક સ્વરૂપની વિગતોનું કથન

(B) લોકોકિત દ્વારા સાંભળેલું કથન

• (C) મૌખિક અથવા દસ્તાવેજી અથવા ઇલેક્ટ્રોનિક સ્વરૂપની વિગતો વગરનું કથન

(D) ઉપરના ત્રણેયમાંથી એકપણ નહી

045. ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની જોગવાઈ મુજબ પ્રોસીક્યુશન નિયામક તરીકે નિમણુંકને પાત્ર જે વ્યક્તિ હોય તેણે કેટલા વર્ષ કરતાં ઓછા ન હોય તેટલા સમયની એડવોકેટ તરીકે વકીલાત કરી હોય ?

•(A) પાંચ વર્ષ

(B) સાત વર્ષ

(C) દસ વર્ષ

(D) પંદર વર્ષ

046. ઓપન સોર્સ માટે કઈ ઓપરેટીંગ સીસ્ટમ જાણીતી છે?

(A) વિન્ડોઝ

(B) મેકન્ટોશ

(C) લીનક્ષ

(D) ઉપરના ત્રણેયમાંથી એકપણ નહી

047. ગુજરાત સરકારના નાગરિકોને અપાતો સર્વોચ્ચ પુરસ્કાર " ગુજરાત ગરીમા એવોર્ડ-૨૦૨૨" કોને એનાયત કરવામાં આવ્યો ?

(A) સરીતા ગાયકવાડ

•(B) પારૂલ પટેલ

(C) વિનોદ જોષી

(D) અન્વી વિજયભાઈ

048. દેશનું પ્રથમ આદર્શ સાંસદ ગામ નીચેનામાંથી કયું પ્રથમ નંબરે આવ્યું ?

•(A) બિલેશ્વરપુરા

(B) પુંધરા

(C) દીયોદર

(D) આજોલ



Downloaded from www.marugujarat.in
For more question papers, Visit our website www.marugujarat.in

PariksaPath · pariksapath.in

049. ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની જોગવાઈ મુજબ નીચેનામાંથી ક્યા કૃત્યો દ્વારા રાજદ્રોહ નો ગુનો બને છે?

(A) સરકારના વહીવટી અથવા બીજા કાર્યો પ્રત્યે ધિક્કાર,તિરસ્કાર કે બેદિલી ફેલાવ્યા વિના કે ફેલાવવાની કોશીષ કર્યા વિના નાપસંદગી વ્યક્ત કરતી ટીકાઓથી બનતો ગુનો.

(B) સરકારે લીધેલા પગલાંમાં ધિક્કાર,તિરસ્કાર કે બેદિલી ફેલાવ્યા વિના કે ફેલાવવાની કોશિષ કર્યા વિના કાયદેસરના સાધનો દ્વારા ફેરફાર કરવાની દૃષ્ટિથી તેવા પગલાં પ્રત્યે નાપસંદગી વ્યક્ત કરતી ટીકાઓથી બનતો ગુનો.

•(C) જે કોઈ વ્યક્તિ બોલેલા કે લખેલા શબ્દો વડે, ચિહ્નો વડે અથવા જોઈ શકાય તેવી નિશાનીઓ વડે કે અન્ય રીતે ભારતમાં કાયદાથી સ્થપાયેલી સરકાર પ્રત્યે ધિક્કાર,તિરસ્કાર કે અનાદર પેદા કરે કે તેમ કરવાની કોશિષ કરે અથવા તેના સામે બેદિલી ફેલાવે કે તેમ કરવાની કોશિષ કરે તેનાથી બનતો ગુનો.

(D) ઉપરના ત્રણેયમાંથી એકપણ નહી

050. ભારતના બંધારણમાં કેટલા મૂળભુત અધિકારો(ફંડામેન્ટલ રાઈટસ)ની જોગવાઈ કરવામાં આવેલ છે ?

(A) બે •(B) છ (C) આઠ (D) દસ

051. શહેરની હરિયાળી જાળવવા બદલ "૨૦૨૧ ટ્રી સીટી ઓફ વર્લ્ડ" તરીકે નીચેનામાંથી કયા શહેરોને માન્યતા આપવામાં આવી ?

•(A) ગાંધીનગર અને ચંડીગઢ (B) મુંબઈ અને હૈદરાબાદ
(C) નવી દિલ્હી અને જયપુર (D) બેંગ્લોર અને ગ્વાલિયર

052. મોઢેથી અપાતી પોલીયોની રસી (ઓરલ) ના શોધક કોણ છે ?

(A) લૂઈ પાશ્ચર •(B) એડવર્ડ જેનર
(C) એલ્બર્ટ સેબીન (D) સ્ટેનલી પ્લોટકીન

053. રૂપિયા ૮૦ ની વસ્તુ રૂપિયા ૧૦૦ માં વેચવામાં આવે તો કેટલા ટકા નફો થાય?

•(A) ૨૦ ટકા (B) ૨૫ ટકા (C) ૭૫ ટકા (D) ૮૦ ટકા

054. વન્ય પ્રાણી દિવસ તરીકે નીચેનામાંથી કયો દિવસ ગણાય છે?

•(A) ૨૧ મી માર્ચ (B) ૫ મી જુન
(C) ૪ થી ઓક્ટોબર (D) ૨૦ મી ડીસેમ્બર



Downloaded from www.marugujarat.in
For more question papers, Visit our website www.marugujarat.in
PariksaPath · pariksapath.in

**055.** ક્યા પ્રકારની અભ્યાસ પધ્ધતિ તમામ જાતિ, વય, પ્રદેશ તથા વર્ગના લોકોને સ્પર્શી શકે છે?

(A) પ્રયોગ પધ્ધતિ (B) પ્રશ્નાવલી પધ્ધતિ
(C) મુલાકાત પધ્ધતિ (D) નિરીક્ષણ પધ્ધતિ

**056.** "ધ્યાનની જનની" તરીકે નીચેનામાંથી કોને ઓળખવામાં આવે છે ?

(A) જરૂરીયાત (B) શિક્ષણ (C) ટેવ (D) રસ

**057.** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની જોગવાઈ મુજબ કોઈપણ પોલીસ અધિકારી મેજીસ્ટ્રેટના હુકમ વિના અને વગર વોરંટે કોઇ પોલીસ અધિકારી ની હાજરીમાં પોલીસ અધિકારનો ગુનો કરે તે વ્યક્તિને પકડી શકશે. આ જોગવાઈ આ અધિનિયમમાં કઈ તારીખથી અમલમાં આવેલ છે ?

(A) તા.૨-૧૧-૨૦૧૦ (B) તા.૧-૧૧-૨૦૧૦
(C) તા. ૩-૨-૨૦૧૩ (D) તા.૨૩-૬-૨૦૦૬

**058.** બૌધ ધર્મનો પ્રસિદ્ધ મઠ "તાબો મઠ" નીચેનામાંથી કઈ ખીણમાં(ઘાટીમાં) આવેલો છે ?

(A) નુબ્રા ખીણ (B) કીન્નોર ખીણ (C) સ્પીતી ખીણ (D) કાંગડા ખીણ

**059.** શ્યામાપ્રસાદ મુખર્જી રૂર્બન મિશનની છઠ્ઠી વર્ષગાંઠ નિમિત્તે કેન્દ્રીય ગ્રામ વિકાસ મંત્રાલયે આ મિશન હેઠળ નવા કેટલા ક્લસ્ટરોને મંજુરી આપી?

(A) ૨૪૬ (B) ૨૯૬ (C) ૨૬૬ (D) ૨૨૬

**060.** ધર્મા ગાર્ડિયન એ ઈન્ડો-જાપાન સંયુક્ત સૈન્ય યુધ્ધાભ્યાસનું નામ છે. જેની શરૂઆત નીચેનામાંથી ક્યા વર્ષમાં થઈ હતી?

(A) સને ૨૦૦૮ (B) સને ૨૦૧૨ (C) સને ૨૦૧૫ (D) સને ૨૦૧૮

**061.** નીચે પૈકી ધર્મનું મુખ્ય પ્રકાર્ય શું છે?

(A) જાદુ (B) પૂર્વજ પૂજા
(C) આત્મવાદ (D) સામાજીક નિયંત્રણ

**062.** માનવીના મનમાં રૂઢ થયેલા ખોટા ખ્યાલોને નીચેનામાંથી કયા નામે ઓળખવામાં આવે છે ?

(A) પૂર્વગ્રહ (B) મનોવલણ (C) સામાજિકરણ (D) અભિસંધાન

**063.** ભારત સરકારે સીક્યોરીટી એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડીયાના નવા ચેરપર્સન તરીકે નીચેનામાંથી કોની નિમણુંક કરી ?

(A) દેબાશિષ પાંડા (B) માધુરી પુરી બુચ
(C) અરૂણસિંહ સાબીયાલ (D) અજય ત્યાગી



Downloaded from www.marugujarat.in
For more question papers, Visit our website www.marugujarat.in
PariksaPath · pariksapath.in

064. "વર્મી ફાર્મ એપેન્ડીક્સ" નીચેનામાંથી કયા અંગમાં જોવા મળે છે ?
(A) નાનુ આંતરડુ (B) મોટુ આંતરડુ (C) જઠર (D) બરોળ

065. નીચેનામાંથી ક્યા યુધ્ધ થકી ભારતમાં બ્રિટીશરોની સર્વપ્રથમ રાજકીય સત્તા સ્થપાઈ ?
(A) બક્સરનું યુધ્ધ-૧૭૬૪
(B) પ્લાસીનું યુધ્ધ-૧૭૫૭
(C) નેપાળ ગુરખા વિગ્રહ-૧૮૧૪
(D) અંગ્રેજ અને ફ્રેન્ચો વચ્ચે થયેલ સત્તા સંઘર્ષનું યુધ્ધ-૧૭૪૬ થી ૧૭૬૩

066. સાતપૂડા શ્રેણીના કેટલા વિભાગો છે ?
(A) ત્રણ (B) પાંચ (C) સાત (D) નવ

067. ટૂંકાગાળાની સ્મૃતિને બીજા કયા નામે ઓળખવામાં આવે છે ?
(A) સ્મૃતિ અવરોધ (B) તાત્કાલિક સ્મૃતિ
(C) ધ્વનિ સ્મૃતિ (D) દ્રશ્ય સ્મૃતિ

068. માનસિક પડકારરૂપ ધરાવતા વ્યક્તિનો બુદ્ધિ આંક કેટલો હોય છે ?
(A) ૧૧૦ થી ૧૧૭ (B) ૯૦ થી ૧૧૦ (C) ૭૦ થી નીચે (D) ૮૦ થી ૮૯

069. ભારતનો પુરાવા અધિનિયમ, ૧૮૭૨ ની જોગવાઈ મુજબ કોઈપણ ઈલેક્ટ્રોનિક રેકર્ડના સંબંધમાં મૌખિક સ્વીકૃતિ પ્રસ્તુત ગણાય નહી સિવાય કે ઈલેક્ટ્રોનિક રેકર્ડના ખરાપણાનો પ્રશ્ન ઉપસ્થિત હોય. આ જોગવાઈ કઈ કલમમાં કરવામાં આવેલ છે ?
(A) કલમ – ૨૨(ક) (B) કલમ – ૩૯
(C) કલમ – ૪૫(ક) (D) કલમ – ૫૩(ક)

070. ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની જોગવાઈ મુજબ નિમાયેલ વ્યક્તિને ધરપકડ વિગેરેની માહીતી આપવાની ધરપકડ કરનાર વ્યક્તિની કેટલી જવાબદારી નક્કી કરેલ છે ?
(A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ

071. ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની જોગવાઈ મુજબ પહેલા વર્ગના મેજીસ્ટ્રેટનું ન્યાયાલય વધુમાં વધુ ત્રણ વર્ષ સુધીની કેદની સજા અથવા વધુમાં વધુ કેટલા રૂપિયા સુધીના દંડની સજા અથવા બંને સજા ફરમાવી શકશે ?
(A) રૂા. ૨,૦૦૦/- (B) રૂા. ૫,૦૦૦/-
(C) રૂા. ૧૦,૦૦૦/- (D) રૂા. ૨૫,૦૦૦/-



Downloaded from www.marugujarat.in
For more question papers, Visit our website www.marugujarat.in

072. જુદા જુદા પર્સનલ કોમ્પ્યુટર્સ નું જોડાણ કરીને શું રચી શકાય ?
(A) સર્વર •(B) નેટવર્ક
(C) સુપર કોમ્પ્યુટર (D) એન્ટરપ્રાઈઝ

073. બંગાળની ખાડીમાં આકાર લઇ ચુકેલ નવા ચકવાતનું નામ "અસાની" રાખવામાં આવ્યું હતું. શ્રીલંકા દ્વારા આ ચકવાતનું નામ આપવામાં આવ્યું છે અને સિંહલ ભાષામાં "અસાની" નો અર્થ શું થાય છે ?
(A) કોપ •(B) તોફાન (C) વાવાઝોડ઼ (D) અતિવૃષ્ટિ

074. શરીરમાં નીચેના ક્યા અંગમાં લસીકા ગાંઠોની સંખ્યા વધુ હોય છે ?
(A) બગલ અને ગરદન (B) કોણી અને ગરદન
(C) કમર અને બગલ (D) માથુ અને પીઠ

075. ભારતના બંધારણનો ઢાંચો ગવર્મેન્ટ ઓફ ઈન્ડિયા એકટ, ૧૯૩૫ ના આધારે તૈયાર કરવામાં આવેલ છે તેમજ કેટલાક મહત્વની જોગવાઈઓ દુનિયાના કેટલાક દેશોના બંધારણમાંથી લેવામાં આવેલ છે. જેમાં નીચેનામાંથી ક્યા દેશના બંધારણનો સમાવેશ થતો નથી ?
(A) બ્રિટેનનું બંધારણ (B) યુ.એસ.એ. નું બંધારણ
(C) સાઉદી અરેબિયાનું બંધારણ (D) આર્યલેન્ડનું બંધારણ

076. ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની જોગવાઈ મુજબ આજીવન કેદની સજા કરવામાં આવી હોય તેવા દરેક કેસમાં યોગ્ય સરકાર, ગુનેગારની સંમતિ વિના તેને હળવી કરી કેટલા વર્ષ સુધીની બે માંથી ગમે તે પ્રકારની કેદની શિક્ષામાં ફેરવી શકશે?
(A) ૭ વર્ષ (B) ૧૦ વર્ષ (C) ૧૨ વર્ષ •(D) ૧૪ વર્ષ

077. ભારતનો પુરાવા અધિનિયમ, ૧૮૭૨ ની જોગવાઈ મુજબ સમાન યોજના સંબંધમાં કાવતરૂ કરનારે કહેલી કે કરેલી બાબતો પ્રસ્તુત હકીકત છે. આ જોગવાઈ કઈ કલમમાં કરવામાં આવેલ છે ?
(A) કલમ–૧૧૦ (B) કલમ–૮૮ (C) કલમ–૩૭ •(D) કલમ–૧૦

078. કયુ વર્ડ પ્રોસેસર પહેલાં આવ્યું હતું ?
(A) Word Perfect (B) Word Star (C) MS Word (D) Lotus Notes

079. એક કુટુંબમાં ૬ સદસ્યો A, B, C, D, E, F છે. A અને B પરિણિત યુગલ છે. A પુરુષ સદસ્ય છે. D એ C નો એક માત્ર પુત્ર છે અને તે A નો ભાઇ છે. E એ D ની બહેન છે. B એ F ની પુત્રવધુ છે, જેનો પતિ મૃત્યુ પામેલ છે. તો E નો C સાથેનો સંબંધ શું છે ?
(A) બહેન (B) પિતરાઇ (C) પુત્રી (D) માતા



Downloaded from www.marugujarat.in
For more question papers, Visit our website www.marugujarat.in
PariksaPath · pariksapath.in

GPSSB Hawaldar Instructor 24-07-2022 QUESTION PAPER - Series C

080. નીચેના કોડ ધ્યાનમાં લો?
(૧) '૧૩૪' એટલે 'good and tasty'
(૨) '૪૭૮' એટલે 'see good pictures'
(૩) '૭૨૯' એટલે 'pictures are faint'
ઉક્ત કોડ અનુસાર નીચે આપેલ વિકલ્પ પૈકી 'see' માટે કયો નંબર આવે?
(A) ૯ (B) ૨ (C) ૧ (D) ૮

081. કોમ્પ્યુટરમાં વપરાતી JPEG ફાઈલનું નીચેનામાંથી કયુ પૂરેપૂરૂ સાચું નામ છે?
•(A) Joint Photography Expert Group
(B) Joint Photographic Expert Group
(C) Joint Photograph Expert's Group
(D) Joint Photographic Expert's Group

082. ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ ની જોગવાઈ મુજબ જે કોઈ વ્યક્તિ કપટપૂર્વક અથવા બદદાનતથી અથવા કોઈ વ્યક્તિ ને હાનિ પહોંચાડવા કે ત્રાસ આપવાના ઈરાદાથી જે ખોટો હોવાનું પોતે જાણતી હોય એવો દાવો કોઈ અદાલતમાં કરે, તેને કેટલા વર્ષ સુધીની કેદની શિક્ષા કરવામાં આવશે?
•(A) ૧ વર્ષ (B) ૨ વર્ષ
(C) ૩ વર્ષ (D) ૫ વર્ષ

083. ભારતના બંધારણનો મૂળ દસ્તાવેજ નીચે પૈકી કોના દ્વારા હસ્તલિખિત છે?
(A) ડૉ. ભીમરાવ આંબેડકર (B) સરોજીની નાયડુ
•(C) પ્રેમ બિહારી નારાયણ રાયઝાદા (D) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ

084. નીચે પૈકી કયા બંધારણીય સુધારા દ્વારા બંધારણના આમુખમાં (Preamble) 'સમાજવાદી' અને 'ધર્મનિરપેક્ષ' શબ્દ ઉમેરવામાં આવ્યા ?
(A) ૩૮મો બંધારણીય સુધારો •(B) ૪૨મો બંધારણીય સુધારો
(C) ૪૬મો બંધારણીય સુધારો (D) ૪૮મો બંધારણીય સુધારો

085. ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની જોગવાઈ મુજબ એકાંત કેદની સજાનો અમલ કરવામાં એકીવખતે એવી કેદ કદી કેટલા દિવસ કરતાં વધુ હોવી જોઇશે નહી?
(A) ૭ દિવસ •(B) ૧૪ દિવસ
(C) ૧૬ દિવસ (D) ૨૧ દિવસ



Downloaded from www.marugujarat.in
For more question papers, Visit our website www.marugujarat.in

PariksaPath · pariksapath.in

086. ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની જોગવાઈ મુજબ "વોરંટ કેસ" એટલે મોતની, આજીવન કેદની અથવા કેટલા વર્ષથી વધુ મુદતની કેદની શિક્ષાને પાત્ર ગુના સંબંધી કેસ?
(A) એક વર્ષ (B) બે વર્ષ (C) ત્રણ વર્ષ •(D) પાંચ વર્ષ

087. યુનાઈટેડ નેશન એન્વાયરમેન્ટ પ્રોગ્રામ હેઠળ નીચેનામાંથી ક્યા સ્થળે તેના ૫૦ મા વર્ષની ઉજવણી કરી?
(A) કેન્યાની રાજધાની નૈરોબી ખાતે (B) ભારતની રાજધાની દિલ્હી ખાતે
(C) ચીનની રાજધાની બેઈજીંગ ખાતે (D) જાપાનની રાજધાની ટોકિયો ખાતે

088. ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની જોગવાઈ મુજબ અપવાદરૂપ સંજોગોમાં હોય તે સિવાય, સૂર્યાસ્ત પછી અને સુર્યોદય પહેલાં કોઈપણ મહીલાની ધરપકડ કરી શકાશે નહીં અને આવા અપવાદરૂપ સંજોગો ઉભા થાય ત્યારે મહીલા પોલીસ અધિકારીએ જેની સ્થાનિક હકૂમતમાં ગુનો થયો હોય અથવા ધરપકડ કરવાની હોય તેવા પ્રથમ વર્ગના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટને લેખિતમાં રીપોર્ટ કરીને તેમની પૂર્વ પરવાનગી મેળવવી જોઇશે. અધિનિયમમાં આ જોગવાઈ ક્યારે અમલમાં આવી ?
(A) તા. ૩૧-૧૨-૨૦૦૯ (B) તા. ૨૩-૩-૨૦૦૬
(C) તા. ૧-૧-૨૦૦૮ (D) તા. ૧-૩-૨૦૦૫

089. ઈસ્વીસન પૂર્વેની કઈ સદીમાં ઈરેટોસ્થિનિસે પૃથ્વીનો પરિધ માપવાનો પ્રયત્ન કર્યો હતો ?
(A) પ્રથમ સદી (B) બીજી સદી (C) ત્રીજી સદી (D) પાંચમી સદી

090. એક મોલમાં દ્રવ્યના કેટલા અણુઓ હોય છે ?
(A) $6.022 \times 10^{23}$ (B) $6.322 \times 10^{15}$ (C) $5.022 \times 10^{20}$ (D) $4.022 \times 10^{10}$

091. ભારતના કુલ કેટલા રાજ્યોમાંથી કર્કવૃત્ત પસાર થાય છે ?
(A) ૬ રાજ્યોમાંથી •(B) ૮ રાજ્યોમાંથી (C) ૯ રાજ્યોમાંથી (D) ૫ રાજ્યોમાંથી

092. PCR ટેસ્ટ માં PCR નું પૂર્ણ નામ શું થાય ?
(A) પોલીમરાઈઝ ચેઈન રીએક્શન (B) પ્રિવેન્ટીવ ચેઈન રીએક્શન
(C) પ્રિવેન્ટીવ ક્લોટીંગ રીએક્શન •(D) ઉપરના ત્રણેયમાંથી એકપણ નહી

093. વેબ બ્રાઉઝર માં વેબ પેજ ને રીફ્રેશ કરવા માટે કઈ ફંક્શન કી નો ઉપયોગ કરવામાં આવે છે ?
(A) F3 (B) F4 (C) F5 •(D) F6



Downloaded from www.marugujarat.in
For more question papers, Visit our website www.marugujarat.in

PariksaPath · pariksapath.in

094. રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ નીચેનામાંથી કઈ તારીખે અમલમાં આવેલ છે?
(A) તા. ૨-૧૦-૨૦૦૫
•(B) તા. ૧૨-૧૦-૨૦૦૫
(C) તા. 30-૯-૨૦૦૬
(D) તા. ૧-૧૦-૨૦૦૬

095. A, D, H, K, O, ______
(A) S
•(B) R
(C) Q
(D) T

096. નીચેનામાંથી કઈ કૃતિ ભાસ ની છે?
(A) "સ્વપ્નવાસવદત્તમ"
(B) "માલતી માધવ"
(C) "ઉત્તર રામચરિત"
(D) "માલવીકાગ્નિમિત્રમ"

097. નીચેનામાંથી કયો દેશ વનસ્પતિમાંથી બનાવવામાં આવેલી કોવીડ-૧૯ ની રસી નો ઉપયોગ કરવાની મંજુરી આપનારો પ્રથમ દેશ બની ગયો ?
(A) ભારત
(B) યુ.એસ.એ.
•(C) ઇઝરાયલ
(D) કેનેડા

098. પ્રાણી વિજ્ઞાનના પિતા તરીકે નીચેનામાંથી કોને ઓળખવામાં આવે છે ?
(A) કૈરોલસ લીનીયસ
(B) સીસર એરીન્ટીનમ
•(C) એરિસ્ટોટલ
(D) સ્ટીફન હેલ્સ

099. તારીખ ૨૫ મી જુલાઈ, ૧૯૯૭ થી તા. ૨૫ મી જુલાઈ, ૨૦૦૨ ના સમયગાળા દરમ્યાન ભારતના રાષ્ટ્રપતિ તરીકે નીચેનામાંથી કોણ બિરાજમાન હતું?
•(A) ડો. એ.પી.જે. અબ્દુલ કલામ
(B) શ્રી કે.આર. નારાયણ
(C) શ્રીમતી પ્રતિભાદેવી સીંગ પાટીલ
(D) ડો. શંકર દયાલ શર્મા

100. ઈ.સ.૧૭૯૩ માં બંગાળ, બિહાર અને ઓરીસ્સા માટે કાયમી જમાબંધી પધ્ધતિ દાખલ કરવામાં આવી. એની મુખ્ય વિશિષ્ટતા નીચેનામાંથી કઈ ન હતી ?
(A) પોતાના હસ્તકની જમીનનો માલિકી હક્ક જમીનદારને મળ્યો અને જમીન મહેસુલ ઉઘરાવવાના હક્ક સરકારના એજન્ટ તરીકે કાર્ય કરવાનો હતો.
(B) જે જમીન મહેસુલ જમીનદાર એકઠુ કરતો તેના ૧૧ માંથી ૧૦ ભાગ સરકારને આપવા પડતા અને એક ભાગ તે પોતાના મહેનતાણા તરીકે રાખી શકતો.
(C) જમીનદાર મારફતે સરકારને આપવાનું મહેસુલ કાયમી અને નિશ્ચિત હતું આથી જમીનદાર પોતાના ક્ષેત્રમાં આવતી બધી જમીનનો માલિક તેને જાહેર કરવામાં આવ્યો.
(D) જમીનદારી પ્રથાનું સુધારેલું સ્વરૂપ એટલે કાયમી જમાબંધી પધ્ધતિ



Downloaded from www.marugujarat.in
For more question papers, Visit our website www.marugujarat.in

PariksaPath · pariksapath.in